## આ યુવા ગુજરાતી દંપતીએ આદર્યો છે

# અમેરિકામાં અનુકંપાનો યજ્ઞ...

**શિલ્પી-શાલીન શાહે** બે વર્ષ પહેલાં ગાંઠનાં ગોપીચંદન કરીને આશરે આઠ કરોડ રૂપિયાના ખર્ચે કોલોરાડોમાં ચાલીસ એકર ભૂમિ પર ‘લવઈન આર્મ્સ’ નામની પાંજરાપોળ શરૂ કરી છે. એનિમલ સેન્ક્ચુરીનો ‘અ’ પણ ન જાણનારું દંપતી આજે પચાસથી વધુ અબોલ પ્રાણીનાં જતન કરે છે, આસપાસ વસતા સ્વયંસેવકનાં જીવન પરિવર્તન કરે છે અને પશુપ્રેમને એક નવી ઊંચાઈએ લઈ ગયાં છે.

■ **કેતન** મિસ્ત્રી (કોલોરાડો, નૉર્થ અમેરિકા)

અમેરિકાના કોલોરાડો રાજ્યનું ડેન્વર *ધ માઈલ હાઈ સિટી* તરીકે પ્રખ્યાત છે. *એક માઈલ* એટલે આશરે પાંચ હજાર ફૂટ. પાંચ હજાર ફૂટની ઊંચાઈ પર રૉકી માઉન્ટન્સની તળેટીમાં વસેલું ડેન્વર એની ખુશગવાર આબોહવા માટે પ્રખ્યાત છે. અહીંની દરેક ઋતુ માણવા જેવી છે. ડેન્વર ઍરપોર્ટથી અમારી કાર ધસી રહી છે આશરે ત્રીસેક માઈલના અંતર પર વસેલા રળિયામણા લાફાયેટ ગામ ભણી. અહીંનાં યુવા જૈન દંપતી શિલ્પી અને શાલીન શાહે એક જીવદયા યજ્ઞ આદર્યો છે, જેનું નામ છે *લવઈન આર્મ્સ એનિમલ સેન્ક્ચુરી.*

ફિલાડેલ્ફિયાથી આશરે સાડા ચાર કલાકના ઉડ્ડયન બાદ ડેન્વર ઍરપોર્ટ પર ફ્લાઈટ લૅન્ડ થઈ ત્યારે સાંજ ઢળી ગઈ હતી એટલે બીજા







**એક રાત... એક ફોન કૉલ ને આરંભાયું અબોલ જનાવરોને બચાવવાનું મિશનઃ બાળકો અહીં આવીને માંસાહાર તજવાની પ્રતિજ્ઞા લઈને જાય છે.**

દિવસે વહેલી સવારે અમે ચાલીસ એકરમાં ફેલાયેલા *લવઈન આર્મ્સ* પર પહોંચ્યા. જુલાઈ મહિનાના આકરા તાપમાં કેટલાક સ્વયંસેવકો તથા ખુદ શાલીન-શિલ્પી પાંજરાપોળ પર નવા વાડા બાંધવાની કામગીરીમાં રત હતાં. ગાય-વાછરડાં, ઘેટાં, બકરાં, ડુક્કર, મરઘાં, બતક, વગેરે જાણે પોતાના ઘરમાં હોય એમ મોજથી ફરતાં હતાં.

શાલીન-શિલ્પી જન્મ્યાં ભારતમાં. શાલીન અમદાવાદમાં, જ્યારે શિલ્પી મુંબઈમાં. બન્ને પોતપોતાનાં માતા-પિતા સાથે ૧૯૯૦ના દાયકામાં કુમળી વયે અમેરિકા આવ્યાં. બન્નેનો ઉછેર થયો ફ્લોરિડામાં. શાલીન સ્કૂલમાં ભણતો હતો ત્યારથી આન્ત્રપ્રેન્યૉર હતો. કમ્પ્યુટર, લૅપટૉપ રિપેર કરી અર્થોપાર્જન કરી લેતો. ૨૦૧૧માં બન્નેનાં અરેન્જ્ડ્ મૅરેજ થયાં. સમાન વિચારસરણી ધરાવતાં શાલીન-શિલ્પીને કુદરતની સમીપે રહેવું ગમે. એક તબક્કે એમણે કુદરતી સૌંદર્યથી ફાટ ફાટ થતા ન્યુઝીલૅન્ડમાં વસી જવાનું નક્કી કર્યું, પણ અમુક કારણસર એમણે ફરી અમેરિકા આવી જવું પડ્યું.

આ દરમિયાન શાહદંપતીને ત્યાં બે બાળક જન્મે છેઃ આરવ અને અવી. ત્રણેક વર્ષ પહેલાં શાહપરિવાર ફ્લોરિડાથી કોલોરાડોમાં બોલ્ડર ટાઉન નજીક જાતજાતની વાડી-ફાર્મ્સની વચ્ચે વસેલા લાફાયેટ નામના નાનકડા ગામમાં સૅટલ થયો. અહીં સુધી એમણે ક્યારેય કોઈ પ્રાણી પાળ્યું નહોતું કે નહોતું એ વિશે વિચાર્યું. હા, બેએક વર્ષ પહેલાં એમણે એક ઘોડો રાખ્યો. શાલીનને ઘોડેસવારીનો શોખ. બાળકોને પણ ગમે.

પાવડો એક કોરાણે મૂકી, કપાળ પરથી પરસેવો લૂંછતાં શાલીન અમારી સાથે વાતોએ વળગે છેઃ

'હાલી નામના એ અશ્વને એના અગાઉના માલિક સરખી રીતે રાખતા નહોતા. અમારી પાસે એ આવ્યો પછી પ્રાણીનેય પોતાની લાગણી હોય છે એની અમને ખબર પડી. અમારી સાથે એનો એક અજીબ નાતો બંધાયો.'

૨૦૧૫નું વર્ષ. ઓગસ્ટ મહિનાની એક રાતે શાહદંપતીને ખબર પડી કે નજીકના કતલખાનામાં પ્રાણીઓની હરાજી થવાની છે. ત્યાં ગયા બાદ એમણે જોયું કે એક પ્રેગ્નન્ટ ઘોડી તથા એનાં બે બચ્ચાંની સ્થિતિ ખૂબ જ દયનીય હતી.

શાલીન કહે છેઃ 'જ્યાંત્યાંથી પૈસા ભેગા કરી અમે બેલ નામની એ ઘોડી તથા એનાં બચ્ચાંને બચાવી લીધાં, પણ ઑક્શન દરમિયાન કતલખાનામાં મૂગાં જનાવરોની હાલત, એમના પર થતો ઈમોશનલ અત્યાચાર જોઈ અમારાં હૃદય દ્રવી ઊઠ્યાં. ઘેટાં-બકરાં-ડુક્કર-ગાય, વગેરેને ચાબુક મારી મારીને ઑક્શન માટે લાવવામાં આવતાં હતાં. એમની આંખોમાં ભય, લાચારી, જિજીવિષાના ભાવ ડોકાતા હતા. આ બધું જોઈને અમે છળી મર્યાં. અમારું ચાલત તો અમે એ બધાં પ્રાણીને અમારે ઘેર લઈ આવત, પણ એ શક્ય નહોતું. એ રાતે અમે પ્રભુને પ્રાર્થના કરી કે *કંઈ એવો ચમત્કાર કરો કે અમે આ જનાવરો માટે કંઈ કરી શકીએ...*

- અને ખરેખર ચમત્કાર થયો.

મધરાતે દોઢ વાગ્યે શાલીન પર એક ફોન આવ્યોઃ *તમારા ઘરની નજીકમાં ત્રેવીસ એકર જમીન ભાડે આપવાની છે. કોઈ લેનાર હોય તો ધ્યાન દોરજો...*

પતિ-પત્નીને લાગ્યું કે આ ફોન કૉલ નહીં, પણ કોઈ ઈશ્વરી સંદેશ છે. એમણે આખી રાત એકમેક સાથે ચર્ચા કરીઃ બે નાનાં બાળક સાથે પાંજરાપોળ ચલાવવાની જવાબદારી-જંગી જવાબદારી લેવી જોઈએ? બન્નેનાં વ્યવહારુ દિમાગ ના પાડતાં હતાં, પણ દિલમાં કોતરાઈ ગયેલો પ્રાણીઓ પરનો અત્યાચાર એમની પાસે હા પડાવી રહ્યો હતો. બીજી સવારે એમણે ડન કરી દીધું. જમીન જો કે સાવ ઉજ્જડ હતી. એમણે એકલેહાથે જમીનને સાફસૂથરી બનાવવાનું બીડું ઝડપ્યું. પછી કોઈએ *ફેસબુક* પર એમની જીવદયાની પ્રવૃત્તિ વિશે લખ્યું ને લો, ત્રીસેક જેટલા સ્વયંસેવક આવી ગયા એમની મદદે અને ૨૦૧૫ના ઓગસ્ટમાં શરૂ થઈ આ નોખી-અનોખી પાંજરાપોળઃ *લવઈન આર્મ્સ.*

શાલીન કહે છેઃ 'જમીન તો અમે લીધી. એમાં પ્રાણી આવતાં ગયાં, પણ પાંજરાપોળ અથવા ઍનિમલ સેન્ક્ચુરી ચલાવવાનો અમને કોઈ અનુભવ નહોતો. એમને કેવા વાતાવરણમાં રાખવાં? આ તો અમેરિકા. એ વિશેના જાતજાતના કાયદાનું પાલન કરવું પડે. પાંજરાપોળ ચલાવવા પૈસા ક્યાંથી કાઢવા? ઍનિમલ હસબંડરી એટલે શું? પ્રાણીની કતલ કરનારાને પૈસા આપી એની પાસેથી પ્રાણી છોડાવવાં એમાં નૈતિકતા છે ખરી? પૈસા લઈને આવતી કાલે એ બીજાં પ્રાણીને મારશે. કરવું શું? આવા જાતજાતના સવાલ લઈને અમે આમાં ઊંડાં ઊતરવાનું નક્કી કર્યું. ઘરની કીમતી મોટરો વેચી ટ્રેલર, વૅન ખરીદવામાં આવ્યાં. પૈસાની સગવડ થતાં ધીરે ધીરે બીજાં સાધન ખરીદતાં ગયાં. કડકડતી ઠંડીમાં ઍનિમલ્સ માટે હીટિંગ સિસ્ટમ, બ્લૅન્કેટ્સ તથા ગરમીમાં ઠંડક આપે એવાં વિરાટ પંખા અને ઑટોમેટિક વૉટર સિસ્ટમ બેસાડવામાં આવી.'

આમ પાંજરાપોળ ચલાવવાનું તો પતિ-પત્ની શીખ્યાં, સાથે સાથે એમના પર થતો અત્યાચાર રોકવા ઠેર ઠેર સભા ભરતાં એટલે એ ક્રમે પબ્લિક સ્પીકિંગ શીખ્યાં, ઉજ્જડ જમીન પર પાંજરાપોળ, વિવિધ પ્રાણીના વાડા



આસપાસના રહેવાસીઓ સાથે બેસીને પોતાનાં ઘરેથી લાવેલું વેજ ભોજન જમે છે.



વિદ્યાર્થીઓને પશુ પ્રત્યે આચરાતી હિંસા વિશે સમજણ આપવામાં આવે છે



સેન્ક્ચુરીમાં પ્રાણીઓ મોકળાશભર્યા વાતાવરણમાં મોજથી હરે-ફરે છે.

બાંધવા કન્સ્ટ્રક્શન શીખ્યાં, ફાળો કેમ ઉઘરાવવો એ શીખ્યાં (શાલીનના કહેવા મુજબઃ *હજી શીખી રહ્યાં છીએ*)... પ્રાણીપ્રેમને સ્પર્શતો એક આર્ટ પ્રોજેક્ટ શરૂ કર્યો, જેમાં કળાપ્રેમીઓ, બાળકો દ્વારા પેન્ટિંગ્સ, મ્યુરાલ્સ, વગેરે બનાવવામાં આવે છે.

શાલીન કહે છેઃ 'અમારા અનુભવ પરથી ખબર પડી કે પ્રાણીની કતલ એમનું દૂધ, ચામડું, ઊન, વગેરે મેળવવા, એમનો ખોરાક તરીકે ઉપયોગ કરવા માટે કરવામાં આવે છે એટલે એમને માત્ર બચાવવાથી કામ નહીં ચાલે. એનાથી એક એક ડગલું આગળ જઈ સમસ્યાનાં મૂળિયાં ઉખેડવાં પડશે.'

આ માટે એમણે એજ્યુકેશન-અવેરનેસ-આઉટરીચ નામનો એક કાર્યક્રમ શરૂ કર્યો અર્થાત્ લોકોને સમજણ આપી એમનામાં આ વિશે જાગૃતિ લાવી એમના સુધી પહોંચવાનો પ્રયાસ. આ અંતર્ગત શાહદંપતી અવારનવાર પાંજરાપોળ પર *પોટ લક્*નું આયોજન કરે છે. *પોટ લક્* એટલે સાદા શબ્દોમાં આપણો ડાબરા ઉત્સવ. સૌ પોતપોતાનાં ઘરેથી શુદ્ધ વિગન જમવાનું લાવે, સાથે બેસીને જમે, અબોલ પ્રાણીઓની વ્યથા-કથાથી માહિતગાર થાય. ક્યારેક વિગન-વેજિટેરિયન ભોજનના કૂકિંગ ક્લાસનું આયોજન. આ બધું સેંકડો લોકોને વનસ્પતિજન્ય જીવન (પ્લાન્ટ-બેઝ્ડ્ લાઈફ) અપનાવવા પ્રેરે છે.

દરેક પ્રાણીને અહીં નામ આપવામાં આવ્યાં છેઃ ફ્રેન્કલિન, ટિટો, રુડી, ઑલિવર, વગેરે. આ ઉપરાંત, લગભગ દર શનિ-રવિ અહીં સ્કૂલી બચ્ચાંની ટ્રિપ આવે છે. એમને શાલીન-શિલ્પી પ્રેમથી આખી પાંજરાપોળ બતાવે, વર્ચ્યુઅલ રિયાલિટીની મદદથી પ્રાણીઓ પર કેવો અત્યાચાર થાય છે એ બતાવે, મનુષ્યની જેમ જ પશુજીવન પણ કેટલાં અણમોલ છે એ એમને સમજાય એવી ભાષામાં વર્ણવે.

શિલ્પી કહે છેઃ 'પાંજરાપોળની વિઝિટ બાદ અમારા આશ્ચર્ય વચ્ચે કંઈકેટલાં બચ્ચાં માંસાહાર તજવાની, ઈંડાં ન ખાવાની પ્રતિજ્ઞા લઈને જાય છે. કોઈ વળી ફાળો પણ આપતાં જાય.'

૨૦૧૬ સુધીમાં તો અનેક નવાં પ્રાણી આવતાં ગયાં, જેથી નવી જગ્યા શોધવામાં આવી. એક અનામી અમેરિકન પશુપ્રેમી દાનવીર આગળ આવ્યા. એમણે માતબર ડોનેશન આપ્યું ને એ રીતે ૨૦૧૬ના સપ્ટેમ્બરમાં શાહ-કપલ *લવઈન આર્મ્સ*ને અત્યારે પાંજરાપોળ જ્યાં ઊભી છે એ વિશાળ, ચાલીસ એકર ભૂમિ પર શિફ્ટ કરે છે. અહીં ત્રણ બેડરૂમ, સીટિંગ રૂમ, ઑફિસ ધરાવતું એક હાઉસ પણ છે, કેમ કે અધરાત-મધરાત પ્રાણીના પોકાર સાંભળી ત્યાં જવું પડે, રાત રોકાઈ જવું પડે. હાલ શાલીન પોતાનો મોટા ભાગનો સમય પાંજરાપોળને આપે છે, બચેલો સમય પોતાના બિઝનેસને. કામકાજ ઘરેથી જ કરે છે.

હવે બપોર ઢળવામાં છે. વાછરડાંને, અશ્વને જમાડવાનો સમય થયો છે. શિલ્પીબહેન ઑફર કરે છેઃ 'તમે તમારા હાથે વાછરડાંને દૂધ પાઓ, ઘોડાને જમાડો.

એ અનુભવ ખરેખર આહ્લાદક હતો. એક મુદ્દાની વાત-આ પાંજરાપોળમાં પ્રાણીઓને વનસ્પતિજન્ય ખોરાક જ આપવામાં આવે છે. એમની ઔષધિ પણ શુદ્ધ શાકાહારી. સ્વયંસેવકો આસપાસના ગ્રોસરી સ્ટોર્સમાંથી પ્રાણીઓ માટે વધેલાં શાકભાજી લાવે છે.

નૉર્થ અમેરિકામાં જૈન કે ગુજરાતી જ નહીં, બલકે કોઈ ભારતીયે કેવળ જીવદયાના સિદ્ધાંત પર આ પ્રકારની પાંજરાપોળ શરૂ કરી હોય એવી આ પહેલી જ ઘટના છે. હા, અહીં અનેક એનિમલ શેલ્ટર અથવા પાંજરાપોળ છે, પરંતુ

# કઈ રીતે એમણે તજ્યું દૂધ ને દૂધની ચીજવસ્તુ?

**શાલીન**-શિલ્પી તથા એમનો સમગ્ર પરિવાર ચીવટભર્યા વિગન-વેજિટેરિયન છે અર્થાત્ રોજિંદા આહારમાંથી દૂધ કે દૂધમાંથી બનેલી ચીજોનો ત્યાગ. બન્ને કેવી રીતે વિગન બન્યાં એની એક દિલચસ્પ દાસ્તાન છે...

૨૦૧૧માં શિલ્પીબહેને પહેલા બાળક આરવને જન્મ આપ્યો ત્યારે એ માતાનું દૂધ ગ્રહણ કરી શકતો નહોતો. સ્તનપાન બાદ એના મોં પર લાલ ચકામાં આવી જતાં ને એ સતત રડ્યા કરતો. ડૉક્ટરે નિદાન કર્યું કે આ તો *લેક્ટોસ ઈન્ટોલરન્ટ* છે. એમણે શિલ્પીબહેનને છ મહિના સુધી દૂધ તથા દૂધની ચીજવસ્તુ ન લેવાની સલાહ આપી. એમણે તરત દૂધ-દહીં-બટર-ઘી, વગેરે તજી દીધાં અને આરવ સાજો થતો ગયો.

ડેરી પ્રોડક્ટ્સ વિના શિલ્પીબહેનને કોઠે પડી ગયું હતું, પણ એમણે ડેરી ઈન્ડસ્ટ્રી પર રિસર્ચ કર્યું તો એમને ગાય પ્રત્યે આચરવામાં આવતી ક્રૂરતાની ભયાનક સચ્ચાઈ જાણવા મળી. ગાયને દૂઝણી બનાવવા એને જાતજાતનાં ઈન્જેક્શન, હોર્મોન્સ આપવામાં આવે છે. સામાન્ય રીતે વીસ વર્ષની આવરદા ધરાવતી ગાય છ-સાત વર્ષની થતાં એનું દૂધ આપવાનું પ્રમાણ ઘટતું જાય છે ને એ સાથે એને કતલખાને મોકલી દેવામાં આવે છે. શિલ્પીને એ જાણીનેય આઘાત લાગ્યો કે વાછરડાના જન્મના ચોવીસ કલાકમાં જ એને માતાથી છૂટું પાડી દઈ કતલખાને મોકલી દેવામાં આવે છે. પશ્ચિમમાં *વીલ* માંસ બહુ પ્રખ્યાત છે. *વીલ* એટલે હૃષ્ટપુષ્ટ વાછરડાનું માંસ. વાછરડાને સૉફ્ટ-સ્વાદિષ્ટ બનાવવા ચરબીયુક્ત ખોરાક ખવડાવી, જાતજાતનાં ઈન્જેક્શન આપી કૃત્રિમ રીતે તગડું બનાવવામાં આવે. પછી એ ચાર-પાંચ મહિનાનું થાય એટલે એની કતલ...

આ બધું જાણી-સમજી શિલ્પી સંપૂર્ણ વિગન બન્યાં. કેવળ દૂધ-દહીં-બટર-ચીઝ જ નહીં, પણ ચામડું, ઊન, મધ, વગેરે જેવી એનિમલ પ્રોડક્ટ્સ પણ એનિમલ ક્રુઅલ્ટી એટલે કે પ્રાણી પ્રત્યે હિંસાચાર જન્માવે છે માટે એ પણ બંધ. થોડા સમય બાદ શાલીન પણ વિગન થઈ ગયા.

આંકડા કહે છે કે એક વેજિટેરિયન અથવા વિગન દર વર્ષે પ્રત્યક્ષ-પરોક્ષ રીતે ૧૦૦ પ્રાણીની તથા પોતાના જીવનકાળ દરમિયાન છથી આઠ હજાર પ્રાણીજીવની રક્ષા કરે છે.



કેતન મિસ્ત્રી

**શાલીન-શિલ્પીઃ** *પ્રાણી પ્રત્યે ક્રૂરતા થતી હોય એ તમામ ચીજને તિલાંજલિ.*

એમને રખડુ ઢોરઢાંખર મળે તો એ અમુક જ દિવસો માટે સાચવે છે. કોઈને પાળીતાં જનાવર તરીકે ઘેર લઈ જવાં હોય તો મફતમાં આપી દે. અમુક દિવસ સુધી જો કોઈ ન લઈ જાય તો ઈન્જેક્શન આપી એમને કાયમ માટે સુવડાવી દેવામાં આવે, જ્યારે *લવઈન આર્મ્સ* તો *નો કિલ-હત્યા નહીં* એ સિદ્ધાંત પર ઊભી છે. એમનું સૂત્ર છેઃ *કનેક્ટિંગ કમ્યુનિટીઝ થ્રૂ કમ્પેશન* અર્થાત્ કરુણા થકી સમાજને સાંકળવાનો પ્રયાસ.

## જત સુધારવાનું કે...

***ચિત્રલેખા*** (૭ ઑગસ્ટ, ૨૦૧૭)માં પ્રગટ થયેલી **વિઝાની આજકાલ** કૉલમમાં લેખકની કલમચૂકને કારણે ભારતીય નાગરિકો માટે *ફૅમિલી ફોર્થ પ્રેફરન્સ* હેઠળ પિટિશન દ્વારા વિઝા મળતાં **૫૫૫** વર્ષ લાગી શકે એવું લખાયું છે, જે હકીકતમાં ૫૫ વર્ષ હોવું જોઈએ એ સરતચૂક માટે વાચકો દરગુજર કરે. □ **તંત્રી**

હવે ડેન્વર છોડવાનું ટાણું આવે છે. શાહપરિવાર, એમનાં બે ક્યૂટ બચ્ચાં પ્રવેશદ્વાર સુધી વળાવવા આવે છે ત્યાં અચાનક શિલ્પીબહેન કહે છેઃ

'કેતનભાઈ, યુ નો? દર વર્ષે એકલા અમેરિકામાં જ નવ બિલિયન લૅન્ડ એનિમલની હત્યા કરવામાં આવે છે. બીજાં પ્રાણી જુદાં. દુનિયાનો આંકડો સાંભળીને તો કંપારી છૂટી જાય. દુનિયાભરમાં આજે જાતજાતના સમાન હક-સમાન અધિકાર માટે લડત ચલાવવામાં આવે છે તો પ્રાણીઅધિકાર માટે, એમના સોશિયલ જસ્ટિસ માટે કેમ કંઈ થતું નથી? ઈશ્વરે આપણી જેમ એમને પણ કશાંક કાર્ય માટે મોકલ્યાં છે. આપણે એમને મારી નાખીએ છીએ. એમની પ્રત્યે ક્રૂરતા દાખવીએ છીએ. વ્હાય? કૉક ફાઈટિંગમાં મરઘાંનાં ફેફસાં ફાટી જાય ત્યાં સુધી એમને લડાવવામાં આવે છે. શું આ કોઈ રીતે રોકી ન શકાય?'

માથું ધુણાવતો ઊંડા વિચાર સાથે હું વિદાય લઉં છું, પણ એમની વાત સતત મનમાં ઘોળાયા કરે છે... ■

feedback2ketan@chitralekha.com